RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 86 * Date: 19.1.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ઈરાનમાં વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધી ૫૦૦૦થી વધુ લોકોના મોત, ખામેનેઈ સરકારે સ્વીકાર્યું



ઈરાનમાં હિંસાનું તાંડવ

ઈરાનમાં ફાટી નીકળેલા હિંસક વિરોધ પ્રદર્શનોને લઈને ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઈરાન સરકારના એક ઉચ્ચ અધિકારીએ રવિવારે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે આ હિંસામાં અત્યાર સુધીમાં ૫,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે, જેમાં અંદાજે ૫૦૦ સુરક્ષાકર્મીઓનો પણ સમાવેશ થાય છે. સરકારે આ કાયદાકીય અરાજકતા માટે આતંકવાદીઓ અને હથિયારબદ્ધ ઉપદ્રવી તત્વોને જવાબદાર ઠેરવ્યા છે.સુરક્ષાના કારણોસર ગુપ્તતા રાખતા અધિકારીએ જણાવ્યું કે સૌથી ભયાનક હિંસા ઉત્તર-પશ્ચિમ ઈરાનના કુર્દ બહુલ વિસ્તારોમાં જોવા મળી હતી. આ વિસ્તારમાં કુર્દ અલગતાવાદી સંગઠનો સક્રિય હોવાથી અહીં અથડામણો સૌથી વધુ લોહિયાળ રહી હતી. સરકારનો દાવો છે કે દેખાવકારોને ઈઝરાયેલ અને અન્ય વિદેશી શક્તિઓ દ્વારા હથિયારો અને સમર્થન પૂરું પાડવામાં આવ્યું હતું.

બીજી તરફ, અમેરિકા સ્થિત માનવાધિકાર સંગઠન ૐઈછદ્બછએ આંકડાઓમાં તફાવત દર્શાવતા કહ્યું છે કે તેમના મતે ૩,૩૦૮ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ૪,૩૮૨ કેસની તપાસ હજુ ચાલુ છે. સંગઠનનો દાવો છે કે પ્રદર્શનો દરમિયાન ૨૪,૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઈરાન સરકાર વારંવાર પોતાની આંતરિક અશાંતિ માટે ઈઝરાયેલ જેવા કટ્ટર દુશ્મનો પર દોષારોપણ કરતી રહી છે.આ હિંસામાં થયેલા આર્થિક નુકસાનના આંકડા પણ ભયાનક છે. ૧૯ દિવસ ચાલેલા આ તોફાનોમાં ઈરાનના ૩૦ પ્રાંતોમાં ૨૫૦ મસ્જિદો અને ૨૦ ધાર્મિક કેન્દ્રોને નુકસાન થયું છે. આ ઉપરાંત ૧૮૨ એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના સાધનો સળગાવી દેવાતા અંદાજે ૫.૩ મિલિયન ડોલરનું નુકસાન થયું છે. બેંકિંગ ક્ષેત્રમાં પણ મોટી તબાહી મચી છે, જેમાં ૩૧૭ બેંક શાખાઓ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ છે અને ૪૭૦૦ જેટલી બેંકોને અંશતઃ નુકસાન પહોંચ્યું છે.

માળખાગત સુવિધાઓની સાથે શિક્ષણ અને સંસ્કૃતિ પર પણ હુમલા થયા છે. ૨૬૫ શાળાઓ, ત્રણ મોટી લાયબ્રેરી અને આઠ સાંસ્કૃતિક સ્થળોમાં તોડફોડ કરવામાં આવી છે. વીજળી ક્ષેત્રો પણ ૬.૬ મિલિયન ડોલરની સંપત્તિ તબાહ થઈ હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હાલ ઈરાનમાં સ્થિતિ શાંત હોવાનું કહેવાય છે, પરંતુ હિંસાના આ ૧૯ દિવસોએ દેશને આર્થિક અને સામાજિક રીતે મોટો ફટકો માર્યો છે.

## અમદાવાદના એસજી હાઈવે પર કાર-એસટી બસ વચ્ચે ભયાનક અકસ્માત, યુવકનું મોત



અમદાવાદના વ્યસ્ત એવા એસજી હાઈવે પર આજે એક અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવી રહેલી કાર એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે કારમાં સવાર યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર અન્ય એક યુવતીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદથી ગાંધીનગર તરફ જતી કાર ડિવાઈડર કૂદીને ગાંધીનગરથી અમદાવાદ તરફ આવતી એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતને પગલે હાઈવે પર રોડની બંને સાઈડ લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો, જેના કારણે વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા. અકસ્માતગ્રસ્ત ફોર્ચ્યુનર કારનો કચ્ચરઘાણ વળી ગયો હોવાથી તેને રસ્તા પરથી હટાવવા માટે ક્રેનની મદદ લેવી પડી હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ક્રેન મારફતે ગાડીને ટો કરીને ખસેડી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

## અમદાવાદી ભાઈઓએ વિદેશના વર્ક વિઝાના નામે ૭૦ લાખ લૂંટ્યા




વિદેશ જવા ઈચ્છતા યુવાનોને નિશાન બનાવી લાખો રૂપિયાની ઠગાઈ કરતી ટોળકીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કુડાસણમાં રહેતા ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટના વેપારીના ચાર મિત્રોને ન્યૂઝીલેન્ડ મોકલવાના બહાને ખોટી એર ટિકિટો અને બનાવટી વિઝા લેટર્સ પધરાવી અમદાવાદના બે ભાઈઓએ ૭૦ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ગાંધીનગરના કુડાસણ શિવાલય શીવાલય પરિસરમાં રહેતા અને રૂદ્ર એન્ટરપ્રાઈઝ નામે ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટનો વેપાર કરતા પ્રધ્યુમનસિંહ અશોકસિંહ વાઘેલાને તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્ર અંકિત રાજગોરે ફેબ્રુઆરી-૨૦૨૫માં અવધ જીતેન્દ્રભાઈ રાજગોર (સી-૧૨૧૫, સિધ્ધી વિનાયક બિઝનેસ ટાવર, ડી.સી.બી. ઓફિસની પાછળ, મકરબા) સાથે મુલાકાત કરાવી હતી. એ વખતે અવધે પોતે વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતો હોવાનું અને તેનો ભાઈ સિદ્ધાર્થ રાજગોર દુબઈમાં 'વર્લ્ડ કનેક્ટ (ઙ્ઢઝ)' નામની કંપની ધરાવતો હોવાનું જણાવ્યું હતું. જેણે પ્રધ્યુમનસિંહના મિત્રો શુભમ પટેલ, ચેતન પટેલ, રાજ પટેલ અને મિતેષ પટેલને ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી હતી.

આથી, વિઝા માટે પ્રતિ વ્યક્તિ ૨૦ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. બાદમાં પ્રધ્યુમનસિંહે ૧૩ એપ્રિલ, ૨૦૨૫થી ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન તબક્કાવાર કુલ ૭૦ લાખ રૂપિયા બેંક ટ્રાન્સફર અને રોકડ દ્વારા બંને ભાઈઓને ચૂકવ્યા હતા એટલે બંનેએ વિશ્વાસ કેળવવા માટે વોટ્સએપ પર ન્યૂઝીલેન્ડના બનાવટી વર્ક વિઝા લેટર અને અમદાવાદથી કંબોડિયા તથા કંબોડીયાથી ન્યૂઝીલેન્ડની ખોટી એર ટિકિટો મોકલી આપી હતી.જોકે, પ્રધ્યુમનસિંહે વિઝાના અસલ ડોક્યુમેન્ટ્સની માંગણી કરી ત્યારે બંનેએ ગલ્લાંતલ્લાં કરવાનું શરૂ કર્યું હતું. જે અંગે તેમણે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મોકલેલી તમામ ટિકિટો અને વિઝા લેટર્સ તદ્દન ખોટા અને બનાવટી હતા. આથી તેમણે વિઝાના કામે આપેલા નાણાં પરત માંગવા છતાં આજદિન પરત ન કરતા અંતે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## પગાર આખા વર્ષનો અને કામકાજ ફક્ત ૨૨ દિવસ, બાકી આરામ, ગુજરાતના ધારાસભ્યો મૌજમાં!



ગુજરાતમાં 'ભણે ગુજરાત' અને 'વિકસિત ગુજરાત'ની વાતો વચ્ચે લોકશાહીના મંદિર સમાન વિધાનસભાની કામગીરીના આંકડા ચોંકાવનારા સામે આવ્યા છે. એક રિપોર્ટ અનુસાર, ગુજરાત વિધાનસભામાં વર્ષ દરમિયાન સરેરાશ માત્ર ૨૨ દિવસ જ બેઠક મળે છે. આ સ્થિતિ દર્શાવે છે કે જનતાના સવાલોની ચર્ચા માટે ધારાસભ્યો પાસે આખા વર્ષમાં એક મહિના જેટલો સમય પણ ફાળવવામાં આવતો નથી.વિધાનસભાની બેઠકોના આંકડાકીય વિશ્લેષણમાં ગુજરાતની સ્થિતિ નબળી જણાઈ રહી છે. વર્ષમાં સરેરાશ સૌથી વધુ બેઠક મળતી હોય તેવા રાજ્યોની યાદીમાં ગુજરાત ૧૨માં સ્થાને છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન સૌથી વધુ બેઠક મળી હોય તેવા રાજ્યમાં પણ ગુજરાત ૧૦મું સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૨૫માં કુલ બે સત્રો મળ્યા હતા (ફેબ્રુઆરી-માર્ચ અને સપ્ટેમ્બર), જેમાં માત્ર ૨૭ દિવસ કામકાજ થયું હતું. ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન પણ વર્ષમાં માત્ર એક કે બે સત્રો જ બોલાવવામાં આવ્યા હતા.વર્ષ ૨૦૦૨માં પૂર્વ જસ્ટિસ એમ.એન. વેંકટચલેયાના વડપણ હેઠળના 'બંધારણ સમીક્ષા આયોગ' દ્વારા મહત્ત્વની ભલામણો કરવામાં આવી હતી. વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ બેઠક મળવી જોઈએ. નાના રાજ્યોમાં ઓછામાં ઓછા ૫૦ દિવસ બેઠક મળવી જોઈએ. લોકસભા/રાજ્યસભામાં અનુક્રમે ૧૨૦ અને ૧૦૦ દિવસની બેઠકની ભલામણ હતી. ગુજરાત જેવા મોટા અને વિકસિત રાજ્યમાં ૯૦ દિવસના બદલે માત્ર ૨૨-૨૭ દિવસની બેઠક એ ભલામણોથી દૂર છે.

## તિરુપતિ માર્કેટના ગેરકાયદેસર દબાણો હટાવી રસ્તો ખુલ્લો કરાયો




પાટણ નગરપાલિકાએ નવજીવન ચાર રસ્તા પાસે દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરી છે. તિરુપતિ માર્કેટમાં દુકાનદારો દ્વારા કરાયેલા ગેરકાયદેસર શેડ અને લારીઓના દબાણો ત્નઝમ્ની મદદથી દૂર કરીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.શહેરમાં વધતા જતા ગેરકાયદેસર દબાણો અને તેના કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે પાલિકા તંત્ર સક્રિય બન્યું છે. પાટણ નગરપાલિકાના ચીફ ઓફિસર અને તેમની ટીમે શહેરના મુખ્ય વિસ્તારોનું નિરીક્ષણ કર્યા બાદ આ કાર્યવાહી શરૂ કરી હતી.

પાલિકાની ટીમ જરૂરી કાફલા અને એક ત્નઝમ્ મશીન સાથે નવજીવન ચાર રસ્તા પાસેના તિરુપતિ માર્કેટ પહોંચી હતી. અહીં દુકાનદારો દ્વારા પોતાની દુકાનની આગળ બનાવવામાં આવેલા ગેરકાયદેસર શેડ તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, માર્કેટની બહાર અને માર્ગ પર ઊભી રહેતી લારીઓને પણ હટાવી દેવામાં આવી હતી.લાંબા સમયથી આ વિસ્તારમાં દબાણોને કારણે વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી. ચીફ ઓફિસરના જણાવ્યા અનુસાર, શહેરમાંથી ગંદકી અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે આ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી ચાલુ રહેશે.

### તંત્રી લેખ

## ઈરાન કટોકટીથી ભારતની ૧૫૦૦ કરોડની નિકાસ પર તોળાતું જોખમ

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને ઈરાનને ઘેરી લેતી વૈશ્વિક ઉથલપાથલ હવે ભારતમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે. દેશમાંથી નોંધપાત્ર પ્રમાણમાં કૃષિ અને ખાદ્ય ઉત્પાદનોની નિકાસ કરતા રાજ્ય ઉત્તર પ્રદેશને સવિશેષ અસર થવાની સંભાવના વર્તાઈ રહી છે. વર્તમાન પરિસ્થિતિને કારણે ઉત્તર પ્રદેશનો ઈરાનમાં અંદાજે રૂ. ૧૫૦૦ કરોડનો એક્સપોર્ટ બિઝનેસ જોખમમાં છે. ઈરાન જોખમ ભારતના ખેડૂતોની સાથે વેપારીઓ અને નિકાસકારો તમામને ચિંતામાં મૂકે છે.

ઈરાન કટોકટીએ ફરી એકવાર દર્શાવ્યું છે કે વૈશ્વિક તણાવની એક ચિનગારી પણ સ્થાનિક અર્થતંત્ર પર નોંધપાત્ર અસર કરી શકે છે. ઉત્તર પ્રદેશ લાંબા સમયથી બાસમતી અને બિન-બાસમતી ચોખા, ફળો અને શાકભાજી, દવાઓ, કપડાં, પશુ આહાર અને એન્જિનિયરિંગ ઉત્પાદનોની ઈરાનમાં નિકાસ કરે છે, પરંતુ વર્તમાન કટોકટીમાં ચોખાના વેપારને સૌથી વધુ નુકસાન થઈ રહ્યું હોય તેવું લાગે છે.

નિકાસકારોના મતે, ઘણા કન્સાઈનમેન્ટ અન્ય દેશોના બંદરો પર માર્ગમાં જ રોકી દેવામાં આવ્યા છે અથવા ગુજરાતના કંડલા બંદર પર અટવાઈ ગયા છે. પેમેન્ટ અને ડિલિવરી અંગે વધતી અનિશ્ચિતતાને કારણે, અત્યાર સુધીમાં ૧ અબજથી વધુના ઓર્ડર રદ કરવામાં આવ્યા છે.

મેરઠ સ્થિત બાસમતી એક્સપોર્ટ ડેવલપમેન્ટ ફાઉન્ડેશને ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ઈરાનને આશરે ૬૪૦૦ કરોડના બાસમતી ચોખાની નિકાસ કરી હતી.

## સ્પેશિયલ પોટા કોર્ટનો ચુકાદો: અક્ષરધામ પર આતંકવાદી હુમલામાં ૩ આરોપીઓને બિનતહોમત છોડી દેવાયા



ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવી મૂકનાર ગાંધીનગરના અક્ષરધામ મંદિર પર આતંકવાદી હુમલાના ચકચારભર્યા કેસમાં અત્રેની સ્પેશિયલ પોટા કોર્ટે ૧૭મી જાન્યુઆરીના રોજ ત્રણ આરોપીઓ અજમેરી અબ્દુલરશીદ સુલેમાન, મોહંમદ ફારૂક મોહંમદ હનીફ શેખ અને મોહંમદ યાસીન ઉર્ફે યાસીન ભટ ગુલામ મોહીઉદ્દીન ભટ્ટને પુરાવાના અભાવે ડિસ્ચાર્જ કરી દીધા હતા એટલે કે, આ કેસમાં આ ત્રણેયને બિનતહોમત તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકયા હતા. અક્ષરધામ મંદિર પર આતંકી હુમલાના ચકચારભર્યા કેસમાં પોટાની વિશેષ કોર્ટે અગાઉ પકડાયેલા પૈકી છ આરોપીઓને ગુનેગાર ઠરાવીને ત્રણ આરોપીને ફાંસી, એક આરોપીને જન્મટીપ, એક આરોપીને દસ વર્ષ અને એક આરોપીને પાંચ વર્ષની સજા ફટકારી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. જેમાં અલ્તાફ હુસેન મલિક, આદમ સુલેમાન અજમેરી, સલીમ હનીફ શેખ, મુક્તી અબ્દુલ ક્યુમ, અબ્દુલામીયાં કાદરી, ચાંદમિયાં ઉર્ફે ચાંદખાન પઠાણનો સમાવેશ થતો હતો.આ કેસમાં હાલના આરોપીઓ અજમેરી અબ્દુલ રશીદ સુલેમાન, મોહંમદ ફારૂક મોહંમદ હનીફ શેખ અને મોહંમદ યાસીન ઉર્ફે યાસીન ભટ ગુલામ મોહિઉદ્દીન ભટને પોલીસે તબક્કાવાર ધરપકડ કરીને પુરાવા એકઠા કરીને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.યાસીન ભટે કાશ્મીરના અનંતનાગ ખાતે મઝુર, કામીલ અને ઝુબેર સહિતના એલઈટી આતંકીવાદીઓ સાથે મળીને ગુજરાતમાં આંતકવાદી હુમલાનું કાવતરૂ રચ્યું હતું. યોજના પ્રમાણે ગાંધીનગરના અક્ષરધામ મંદિર પર આતંકી હુમલો કરાયો હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. યાસીન ભટે જમ્મુ-કાશ્મીર પાસિંગ એમ્બેસેડર કારમાં ગુપ્ત ખાનુ બનાવી તેમાં એકે-૪૭ સહિતના અન્ય અન્ય હથિયારો અને દારૂગોળો જથ્થો તેમાં મૂકી આ કારને ચાંદખાન મારફતે ઉત્તર પ્રદેશ ખાતે પહોંચાડી હતી. અન્ય આતંકવાદીઓની ચાંદખાન સાથે મુલાકાત કરાવી હતી. ત્યારબાદ ચાંદખાન અને શકીલ ટ્રેન મારફતે એકે-૪૭ અને અન્ય હથિયારો સાથે અમદાવાદ આવ્યા હતા. અમદાવાદમાં અન્ય એલઈટી આતંકવાદીઓ સાથે મળીને તેણે અક્ષરધામ હુમલાને અંજામ આપ્યો હતો.

## સામાજિક સુરક્ષા અમેરિકનો માટે 'નોંધપાત્ર' સુધારાઓ દર્શાવે છે; લાભાર્થીઓને મૂળભૂત આવશ્યકતાઓ જાણવી જ જોઇએ

વોશિંગટન,

સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન ડિજિટલ-ફર્સ્ટ અભિગમ અપનાવવાના પ્રયાસોમાં આગળ વધી રહ્યું છે. ૭૦ મિલિયનથી વધુ અમેરિકનો દર મહિને સામાજિક સુરક્ષા ચુકવણીઓ પર આધાર રાખે છે, જે યુએસ વસ્તીના લગભગ પાંચમા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે.

લગભગ દરેક રોજગારી મેળવનાર અમેરિકન સામાજિક સુરક્ષા કરમાં ફાળો આપે છે, જેમાં આશરે ૫૫ મિલિયન વ્યક્તિઓ આ કાર્યક્રમમાંથી નિવૃત્તિ લાભ મેળવે છે.

ગુરુવારે સોશિયલ સિક્યુરિટી એડવાઈઝરી બોર્ડના સભ્યો સાથેની બેઠક બાદ, સોશિયલ સિક્યુરિટી કમિશનર ફ્રેંક જે. બિસિગ્નાનોએ ભાર મૂક્યો કે એજન્સી ઝડપી પ્રતિભાવ સમય, ઓનલાઈન સુલભતામાં વધારો અને તેના વિવિધ કાર્યક્રમોમાં બેકલોગ ઘટાડવામાં નોંધપાત્ર સુધારાઓનો અનુભવ કરી રહી છે. આ બેઠકમાં જીજીછના ટેકનોલોજીકલ ઉન્નત્તિકરણો, તેના કાર્યબળમાં રોકાણો અને સેવા વિતરણમાં ફેરફારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

"અમેરિકન લોકો એક સામાજિક સુરક્ષા વહીવટનો અનુભવ કરી રહ્યા છે જે ડિજિટલ નવીનતા અને વ્યૂહાત્મક પ્રક્રિયા એન્જિનિયરિંગ દ્વારા રૂપાંતરિત થયું છે," બિસિગ્નાનોએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન મુખ્ય સુધારાઓની જાહેરાત કરે છે

સેવામાં સુધારાઓ તેનો ઉપયોગ કરતા અમેરિકનોના જીવનને સરળ બનાવી શકે છે. આ ટેકનોલોજીકલ પરિવર્તન ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન, જે આ કાર્યક્રમનું સંચાલન અને દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે, તેમાં કાપ મૂકવાની સાથે જ થઈ રહ્યું છે.

અમેરિકનો હવે ચોવીસ કલાક, ૨૪/૭ તેમના વ્યક્તિગત સોશિયલ સિક્યુરિટી એકાઉન્ટને ઍક્સેસ કરવાની ક્ષમતા ધરાવશે. અગાઉ, આ સેવા દર અઠવાડિયે ૨૯ કલાક ઉપલબ્ધ નહોતી.

નાણાકીય વર્ષ ૨૦૨૪ ની તુલનામાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ માં કોલના પ્રતિભાવોમાં પાંસઠ ટકાનો વધારો જોવા મળ્યો.

નેશનલ ૮૦૦ નંબર માટે સરેરાશ પ્રતિભાવ સમય ઘટીને સિંગલ-ડિજિટ આંકડા સુધી પહોંચી ગયો છે.

નેવું ટકા કોલ હવે સ્વ-સેવા વિકલ્પો અથવા કોલબેક દ્વારા ઉકેલી શકાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪ થી નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધી ફિલ્ડ ઓફિસોમાં મુલાકાતીઓ માટે સરેરાશ રાહ જોવાનો સમય લગભગ ૩૦ ટકા ઘટી ગયો છે.

એપોઈન્ટમેન્ટ ધરાવતા લોકો સહાય માટે સરેરાશ છ મિનિટ રાહ જુએ છે.અપંગતાના દાવાઓના બેકલોગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે જૂન ૨૦૨૪ માં ૧.૨૬ મિલિયન પેન્ડિંગ દાવાઓની ટોચથી એક તૃતીયાંશ જેટલો ઘટાડો થયો છે.

સામાજિક સુરક્ષા ન્યાયીતા કાયદા હેઠળ લાભાર્થીઓને ૩.૧ મિલિયનથી વધુ ચૂકવણી, ઈં૧૭ બિલિયન જેટલી રકમનું વિતરણ કરવામાં આવ્યું હતું, આ ચૂકવણીઓ આયોજિત સમયપત્રકના પાંચ મહિના પહેલા જારી કરવામાં આવી હતી.

"રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વમાં, અમે પહેલા કરતાં વધુ ઝડપથી વધુ અમેરિકનોની સેવા કરી રહ્યા છીએ. હું નવા જીજીછમ્ અધ્યક્ષના નેતૃત્વ અને બોર્ડ સાથે મજબૂત કાર્યકારી સંબંધોની રાહ જોઉં છું," બિસિગ્નાનોએ જણાવ્યું.

# હવેથી મહિલા સ્વસહાય જૂથોને ટેક્સટાઈલ પોલિસી હેઠળ સહાય મળશે:શહેરી નોન-પોલ્યુટીંગ એકમોને પણ લીલી ઝંડી



ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યમાં મહિલાઓના સ્વસહાય જૂથો (જીઉંય)ના સશક્તિકરણ અને આવક વૃદ્ધિને વધુ વ્યાપક બનાવવાના હેતુથી પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરાયા છે. આ નિર્ણયથી ગ્રામિણ સાથે સાથે શહેરી વિસ્તારોની મહિલાઓને પણ સીધો લાભ મળશે.

સ્વૈચ્છિક મહિલા સ્વસહાય જૂથોને ટેક્સટાઈલ પોલિસી હેઠળ સહાય મળશે

હવે નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન (દ્વઈન્સ), નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (દ્વંન્સ)માં નોંધાયેલા તેમજ સમાન આજીવિકાના હેતુથી જોડાયેલા અન્ય સ્વૈચ્છિક મહિલા સ્વસહાય જૂથોને પણ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ અંતર્ગત સહાય માટે પાત્ર ગણવામાં આવશે. પરિણામે રાજ્યની મહિલાઓ વધુ આર્થિક રીતે સશક્ત અને સ્વનિર્ભર બની શકશે.

નોન-પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ એકમોને લાભ

મુખ્યમંત્રીએ વધુ એક મહત્વનો નિર્ણય લેતાં મ્યુનિસિપલ વિસ્તારની હદમાં આવેલા ગારમેન્ટ, એપેરલ, મેડઅપ્સ, સ્ટીચિંગ, એમ્બ્રોડરી સહિતના નોન-પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ એકમોને પણ પોલિસીનો લાભ આપવા મંજૂરી આપી છે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની ઉરૈં તથા યીીહ કેટેગરીમાં આવતા આવા એકમોને હવે સહાય મળશે.આ નિર્ણયથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને સ્પર્ધાત્મકતા વધશે

આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં રોજગાર સર્જનને વેગ મળશે, ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે સ્થાનિક સ્તરે રોજગારીની તકો વધશે. સાથે સાથે સ્જીસ્ઈ ક્ષેત્રને પણ વિકાસ માટે અનુકૂળ વાતાવરણ મળશે. શહેરી માળખાકીય સુવિધાઓનો અસરકારક ઉપયોગ થવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો અને સ્પર્ધાત્મકતા વધશે.

ટેક્સટાઈલ સેક્ટર દેશને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા પહેલ

પર્યાવરણને અનુકૂળ નોન-પોલ્યુટીંગ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા આ પગલાંથી ટકાઉ ઔદ્યોગિક વિકાસનો માર્ગ મજબૂત બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ કરાયેલા આ સુધારાઓથી ટેક્સટાઈલ સેક્ટર દેશને ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે મહત્વપૂર્ણ પૂરક સાબિત થશે અને વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્યમાં ગુજરાત અગ્રેસર યોગદાન આપશે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરાયા






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા આ સન્માનનો સમારંભ અમદાવાદમાં સરદાર રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજના યુગમાં બધાની દોટ પૈસા અને સ્વાર્થ માટે છે ત્યારે સામેના દરેક વ્યક્તિમાં, દરેક જીવમાં શિવ જોઈને સેવા કરનારાઓનું સન્માન કરાયું છે ત્યારે આજનો કાર્યક્રમ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. સનાતન સંસ્કૃતિમાં સેવા પરમો ધર્મ કહેવાય છે, આ મંત્રને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના અંતિમ પંક્તિમાં રહેલા લોકના કલ્યાણભાવ સાથે જનજનમાં વિસ્તાર્યો છે. આજે સન્માનિત સૌ પણ આ ભાવને સમર્પિત છે, એટલે અભિનંદનને પાત્ર છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વથી ઉપર ઊઠીને સર્વનો વિચાર કરનારા જ માનવજાતની સાચી સેવા કરે છે. સાચી સંપત્તિ પદ, પૈસો કે પ્રતિષ્ઠામાં નહીં, પરંતુ સામાજિક યોગદાનમાં રહે છે. નિઃસ્વાર્થ સેવા જ માનવ સભ્યતાની બુનિયાદ છે, એવું તેમણે ઉમેર્યું હતું.શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશનની વિધ વિધ સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને આ સંસ્થાએ મહિલા આરોગ્ય અભિયાન સાથે જોડીને બ્રેસ્ટ કેન્સરની જાગૃતિ તથા નિદાન-તપાસ ક્ષેત્રે ઉમદા કામગીરી કરી છે. આ કદાચ એવી પહેલી સંસ્થા છે, જેણે ફિટનેસને દાન તરીકે સ્વીકારી છે. આ નવતર અભિગમ પ્રેરણારૂપ છે.

મુખ્યમંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે સરકાર કલ્યાણ યોજનાઓ બનાવે અને નીતિઓને અમલમાં મૂકે. આ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ અને છેવાડેના લોકો સુધી પહોંચે એ માટે સેવા સંસ્થાઓ પણ સરકાર સાથે ખભે ખભો મિલાવીને કામ કરે તો વધારે સફળતા મળી શકે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતે હંમેશાં સેવા, સંવેદના સાથે આપદ ધર્મ નિભાવવાની સહકાર પરંપરા જાળવી છે. ધરતીકંપ, કોરોના, પૂર, વાવાઝોડા... કોઈ પણ સંકટમાં ગુજરાત અને ગુજરાતીઓ હંમેશાં આપત્તિગ્રસ્તોની સેવા માટે ખડેપગે રહે છે.

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને યાદ કરીને મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું હતું કે સરકારની સાથે સાથે સંસ્થાઓ, સેવાવ્રતીઓ અને સમાજ સૌ સાથે મળીને સમરસ, સંવેદનશીલ અને સમૃદ્ધ ગુજરાત થકી સમૃદ્ધ-વિકસિત ભારત બનાવીએ.

આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર. એસ. પટેલે સ્વાગત પ્રવચન કરીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ઓડિશાના પૂર્વ ચીફ જસ્ટિસ અને એવોર્ડ પસંદગી સમિતિના અધ્યક્ષ જસ્ટિસ કલ્પેશભાઈ ઝવેરી તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના વડા તથા પસંદગી સમિતિના સભ્ય શ્રી ભાગ્યેશભાઈ ઝાએ પ્રાસંગિત ઉદબોધન કરીને સન્માનિતોને શુભેચ્છા પાઠવી હતી.

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા ધરતીરત્ન એવોર્ડની દસમી આવૃત્તિમાં ત્રણ સંસ્થાઓ અને નવ સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાકીય એવોર્ડ ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, સેવા રૂરલ, ઝઘડિયા તથા વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલાને અપાયા હતા, જ્યારે સુશ્રી બિંદિયા હેમંતકુમાર ભટ્ટ, સુશ્રી અમિતા અંબાલાલ પટેલ, શ્રી સુરેશભાઈ લવજીભાઈ ઠક્કર, શ્રી ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ, ડૉ. ભૂપેશ ધીરજલાલ શાહ, ડૉ. અશ્વિન એ. શાહ, શ્રી દિનેશ કાન્તિલાલ વ્યાસ, શ્રી જયેશભાઈ બચુભાઈ રાવલ અને ડૉ. વ્યોમા શાહને વ્યક્તિગત સન્માન અપાયું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી કે.એમ. પટેલ, શ્રી કનુભાઈ દેત્રોજા સહિતના આશીર્વાદ ફાઉન્ડેશનના અગ્રણીઓ, સન્માનિત સંસ્થાઓના અગ્રણીઓ, સન્માનિત લોકોના પરિવારજનો તથા સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 334**
વિષય:સર્જકની મનગમતી રચના
શીર્ષક: ભોર ભઈ
પ્રકાર: પદ્ય ?? શબ્દો: ૮૩

શીર્ષક : ભોર ભઈ

સવાર થઈને મન મારું થડક્યું,
વાંદરા જોઈ દિલ મારું ભડક્યું.

એકેક ડાળે મસ્ત બની ઝૂલતા,
નાની ટીશળો ખાઈ પેટ ભરતા.

શુદ્ધ પ્રાણવાયુ શ્વાસોમાં ભરતા,
બચ્ચું પેટે વળગાડી પછી કૂદતા.

કૂદાકૂદ કરતાને ટોળામાં રહેતા,
મૃત વાંદરો જોઈ શોક દર્શાવતા.

બચ્ચું મરી જાય તો શુનમુન રહેતા,
લાગણી,પીડા એમનાં વદને દેખાતાં.

દશ્ય આવું નિહાળી દિલે કૈંક થાતું,
માનવીના મનને લૂણો કેમ લાગ્યો?

મૃત્યપાય થઈ લાગણી ભાવનાઓ,
મૂંગા પશુ પાસેથી ક્યારે શીખ લેશે?

પ્રશ્ન થતો રહ્યો છે આજ દિન લગી,
હવે,માનવી 'માનવ' થાય તોયે ઘણું,

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' (હિંમતનગર)
★★★★★★
**NOG SS NO . 401**
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષક : મારી મંઝીલ
પ્રકાર : પદ્ય શબ્દો : ૬૩

બધાએ કીધું કે નહીં થાય તારાથી ,
પણ આ એક મન ના હાર્યું મારાથી ,

હસી ઉડાવી નીચી દેખાડી મનોબળ તોડવા મથ્યા ઘણા દી'
પણ આત્મવિશ્વાસ નો પોટલો મેં ભર્યો હતો દિલ થી ,

ને રાત - દી 'મહેનત તનતોડ કરી હતી તન થી ,
બોલતા મોઢા આજે પહેલી વાર બંધ થયા ,
મંઝીલ પામી જે મેં એના હવે એ રસ્તા શોધતા થયા .

દેવ્યાનીબા પ્રિયજિતસિંહ ગોહિલ " દેવપ્રિયા" વરતેજ
★★★★★★
**NOG SS 223**
વિષય:સર્જકની....મનગમતી રચના
શીર્ષક:છે એક
પ્રકાર:પદ્ય
શબ્દ સંખ્યા:૧૨૯

છે એક કલા જીવન જીવવાની કલા,
છે એક સાહિત્ય સર્વજન હિતકારી શ્રેયપ્રેય.

છે એક ભાષા જન્મથી મળી તે માતૃભાષા,
છે એક જ રંગ જીવન કરે પૂર્ણ તે છે પ્રેમરંગ.

છે એક જ દર્શન કરો સર્વત્ર ઈશ્ર્વર દર્શનમ્ ,
છે એક જ અંતિમ પ્રતીક સનાતન સર્વત્ર ૐકારમ્.

છે એક જ શબ્દ-સ્વર સદગુરુનો મિલાવે ઈશ્ર્વર,
છે એક જ નાદ અંતરનાદ પ્રગટે પૂર્ણ બ્રહ્મનાદ.

છે એક જ આત્મા સો પરમાત્મા સર્વે હૃદયસ્થ,
છે એક જ ઉદેશ પામીએ સત્યમ્ શિવમ્ સુંદરમ્.

છે એક જ આનંદ નિજાનંદે સત્-ચિત્ આનંદરૂપ,
છે એક જ અવસર રૂડો આ જન્મ દેહે પ્રગટે દેવ વિશ્ર્વરૂપ.

છે એક જ અદ્વૈત પામો તમે જ્ઞાનધ્યાન પ્રેમભકિત યોગરૂપ,
છે એક જ સાગર વિશ્ર્વચેતના પામો છોડી તવ સરિતારૂપ.

- દેવેન્દ્ર આચાર્ય
(અમદાવાદ)
★★★★★★
**NOG SS NO: 340**
વિષય:"સર્જકની મન ગમતી રચના"
શીર્ષક: પડઘાનો ન્યાય
પ્રકાર: પદ્ય શબ્દો: ૮૪

જેવું વાવશો આ જગતમાં, તેવું જ પાછા લણશો,
પ્રેમ આપશો તો પ્રેમ મળશે, ઘા કરશો તો હણાશો.

અરીસામાં જેવું હસશો, તેવું સામે પામશો,
આગ લગાડશો બીજાના ઘરે, તો તમારું ઘર બાળશો.

માન દઈને બોલાવશો, તો માન મોટું પામશો,
તુકારો દઈ તોછડાઈ કરશો, તો નફરત સામે હાથે પામશો.

ખાડા ખોદશે જે કોઈ અન્ય કાજે, તે જ તેમાં પડશે,
છળ-કપટના ખેલ રમનારા, છેલ્લે પોતે જ રડશે.
કાંટા વાવીને રસ્તા પર, ફૂલની આશા ના રાખવી,
કડવી વાણી બોલ્યા પછી, મીઠાશ ક્યાંથી ચાખવી?
સીધો-સાદો હિસાબ છે, નથી કોઈ તેમાં ભેદ,
'જેવા સાથે તેવા' થાતાં, "સ્વયમ'ભૂ" મટી જાય સૌ ખેદ.

અશ્વિન રાઠોડ "સ્વયમ'ભૂ"
વનાળીયા હાલ – મોરબી

ર્દ્રંર જીજી ર્હ.૪૦૦
વિષય-સર્જકની મનપસંદ રચના
પ્રકાર-માઈક્રોફિક્શન વાર્તા
શીર્ષક-સહનશીલતા
શબ્દો-૬૧

નમ્યું તે પરમેશ્વરને ગમ્યું'
'જતું કરે એ જીતે'
'સહન કરે ઈ જગ તરે'
'મા બાપના સંસ્કાર છે બેટા,સહન કરીને પણ સંબંધોને સાચવી લેજે.'

આવી બધી શીખ મમ્મીએ પાનેતરના છેડે બાંધી ને મીનાએ આખી જિંદગી પોતાના ઘર પરિવારને પ્રેમથી બાંધી રાખ્યા.

આજે ઘરમાં નવી પેઢી સામે પણપવિચારોમાં વલોવાતી મીનાની આંખની પાંપણનાં છેડે સહનશીલતાનું ટીપું બાઝયું.

માલા કકકડ..મોરબી
★★★★★★
**NOG SS 321**
વિષય, સર્જકની મનગમતી રચના
પ્રકાર. પદ્ય. શબ્દ ૯૦
શીર્ષક .સાચો ખજાનો

વળાંકો ભર્યા રસ્તે સફર નિરાળી લાગે,
પ્રકૃતિની ખોળે જીવન સ્વર્ગ જેવું લાગે

સોનેરી પાંદડાં ઝરતા પવનની સાથે,
મોસમની ગોદમાં યાદો રૂપાળી લાગે

ધુમ્મસ ઓઢી પર્વત ચૂપચાપ ઊભાં,
જાણે પ્રભાતની વેળા કોઈ કવિતા વાચી લાગે

શાંતિના સંગીતે મર્મ સ્પર્શી જાય,
હૃદયની તારોમાં આશા ઉછાળી લાગે

નદીઓની સરગમ કે ઝરણાંની ધૂન અહીં,
માણે ધરતી પર સ્વર્ગ ઉતરી આવી લાગે

સફર એ રસ્તાની અંતે ક્યાં લઈ જાય?
શોધમાં જ મનને નવી દિશા અજવાળી લાગે
"સુચિતા" વિચારે તો એક જ સત્ય મળે,
પ્રેમથી ભરેલું જીવન જ સાચા સુખનો ખજાનો લાગે
???સુચિતા રાવલ
ગાંધીનગર
★★★★★★
**: NOG. SS No: 194**
વિષય : મનગમતી રચના
શીર્ષક : "જીવું છું આજે ગુમાનમાં "
પ્રકાર :પદ્ય, શબ્દ : ૧૦૧
" ઘસમસતા પુર સમી આવી ગઈ આજે, એની તે યાદ મને રાતમાં,
હતી હું કેવી, અબુધ ને ઘેલી.. કે, 'એ' અમથોય ગમતો મને વાતમાં.

યુવાનીમાં ડગ ભરતા, ભીંજાતી હું, એના ભરચકશા મીઠા તે વ્હાલમાં,
તીરછી તે.. એક એની મીઠી મુસ્કાને, આવી જતી હું અનહદ તે તાનમાં.
મેળ મિલાપની એક ગમતીલી રમતે, અંજાતી હું એના જ્ઞાનમાં,
મારી પ્રશંસાપૂર્ણ એની વાણીએ, ઉડતી હું સાતમા આસમાનમાં.

ત્યાંજ.. મળી એક સાંજે, હું એની મંગેતરને, સુંદર ગુલાબી પરિવેશમાં,
મારા એકતરફી પ્રેમનો થયો આજે અંત, અને આવી હું સાચે જ ભાનમાં.

ગુમાવ્યાની પીડાએ વિચલિત નયનોથી ઠલવાતા અશ્રુ પાલવમાં,
ભણતરની કેડીમાં જીવતર પરોવી, બની પગભર જીવું છું આજે ગુમાનમાં."

નામ: ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)
★★★★★★
**Nog SSO no : 229**
વિષય: મનગમતી રચના
શીર્ષક:નાયગ્રાનું જળ-વિસ્તરણ
પ્રકાર.:પદ્ય શબ્દો: ૩૫૦

નાયગ્રા નદીનો અમાપ જળસંગ્રહ એ કેનેડા અને અમેરિકાને જોડતી સાંકળરૂપી પ્રવાહીત અજાયબી છે.આ અફાટ જળરાશિ જે ધોધ સ્વરૂપે ૨૫% અમેરિકા અને ૭૫ % જેટલો આશરે કેનેડા વચ્ચે વહેંચાયેલો જોવા મળે છે. આ અવિરત રાત દિવસ રહેતું ધોધનું પાણી પ્રચંડવેગ અવાજ અને ગતિને ગતિથી વહી જાય છે.જે જોનાર દરેકને આવક જ બનાવે છે ....!!!!

નાગરના રચયિતા પ્રભુની સર્વોપરીતા સામે નતમસ્તક બનાવી પ્રશંસા કરવા અનાયાસે મજબૂર કરી દે છે. ક્યારેક એવો પણ વિચાર આવી જાય છે કે, આટલું બધું મીઠું પાણી અને ખેતીલાયક પાણી સંગ્રહિત થઈ માનવ જાતને ઉપયોગમાં આવે તો કેટલું ઉત્તમ પરિણામ ખેતી-જગતમાં માનવી લાવી શકે છે !નાયગ્રાના ધોધનું પાણી એકત્રિત થઈને નાયગ્રા નદીમાંથી જ સમુદ્રને મળવા અત્યંત ઝડપથી સતત વહેતું રહે છે.

જગતની આ ઉત્તમ જલધારા જોવા વિશ્વભરમાંથી પ્રવાસીઓ અહીં આવતાંની સાથે જ પ્રકૃતિ પ્રેમી બની પોતપોતાની રીતે જ્યારે આશ્ચર્યચકિત બની જાય છે ત્યારે વિશિષ્ઠ વાક્યો રચી પ્રકૃતિની ગોદમાં અનેરું વર્ણન કરવા માટે પણ મંડી પડે છે. ભાગ્યે જ કોઈ અતિ-નિરસ, શુષ્ક અને બિનરસિક વ્યક્તિ એવો હોય કે નાયગ્રાના ધોધને જોઈ અચરજ પામી કંઈ ન બોલે, ફોટા ન પાડે-પડાવે કે વિડીયોગ્રાફી ન કરે..!!!

પ્રકૃતિના ખોળે અવિરત પ્રવાહિત થતો આ જળરાશિ દુનિયાનો સૌથી મોટો ધોધ હોવાથી પોતાની આગવી ઓળખ અને મહત્વ ધરાવે છે.જે અમેરિકા અને કેનેડાને જોડતી જળ સરહદની કડી બને છે ! ઊંચેથી નીચે જોશથી પાણી પ્રચંડ ગર્જના સાથે પાણી પડી ફરી પાણીની છોળો ઉંચે સુધી ઉછળે છે. આ ઊંચો ઉછળતો ધોધ જોવા આવેલા યાત્રીઓને ઠંડા જલશીકરોથી ભીંજાઈને અદભુત અનુભૂતિ કરતા અનોખો આનંદ મેળવે છે.

આ સૌંદર્યનું અનુપમ રસપાન કરતાં પ્રવાસીઓ નાયગ્રાની સ્વર્ગીય દુનિયામાં ખોવાઈ ને લખલુટ આનંદ મેળવે છે. અવિરત કાર્યશીલ જલપ્રવૃત્તિમાં ધોધથી જે જળશીકરો ઊછળે છે તેમાં પ્રભુની અદભુત પાવન લીલાથી સૃષ્ટિના રચી સાચવવા, ચલાવવા અને સંભાળવાની સર્વાંગી શક્તિઓના દર્શન પ્રવાસીઓને થાય છે. અખૂટ જળ ભંડારના સતત બદલાતા રંગ સ્વરૂપોથી આ ધોધ જોતાં સર્વેને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ જાય છે.

જેમ ભારતમાં હિમાચલ પ્રદેશમાં દેહરાદુન પાસે હિમાલયના પર્વતમાંથી કૂદીને પડતાં સહસ્ત્રધારાના અસંખ્ય ઝરણાં નીકળે છે તેમ નાયગ્રાના સૌંદર્ય સૌને મદહોશ કરે છે. આ મીઠા પાણીની અતુલનીય અજાયબી રચનાર પરમકૃપાળુ પરમાત્માને સર્વ પ્રવાસીઓ કૌતુક પામી વારંવાર વંદન કર્યા કરે છે.

- પરેશ મ.પાઠક."પ્રાપશી"
(બ્રેમ્પટન,કેનેડા)

# અમદાવાદ સિવિલ મેડિસિટી બનશે મેડિકલ ટૂરિઝમનું કેન્દ્ર:૧૪ દેશોના ડોક્ટરો લેશે વિશેષ તાલીમ, ૧૨૫ દર્દીઓને સારવારનો લાભ મળશે




અમદાવાદ શહેરની સિવિલ મેડિસિટી ફરી એકવાર દેશ અને દુનિયામાં એક વર્કશોપ યોજવા જઈ રહી છે. એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એવી સિવિલ હોસ્પિટલમાં ૧૭થી ૨૩ જાન્યુઆરી દરમિયાન ૧૮મો આંતરરાષ્ટ્રીય બ્લેડર એક્સ્ટ્રોફી વર્કશોપ યોજાવાનો છે.આ વર્કશોપ ખાસ કરીને બાળકોમાં જોવા મળતી બ્લેડર એક્સ્ટ્રોફી નામની જટિલ બીમારીના ઓપરેશન અને સારવાર માટે યોજાઈ રહ્યો છે. આ બીમારીમાં બાળકના મૂત્રાશયમાં જન્મજાત ગંભીર ખામી હોય છે, જેને સુધારવા માટે ખૂબ કઠિન સર્જરી કરવી પડે છે.

વર્કશોપની ખાસ વાત એ છે કે અમેરિકા અને કેનેડાની જાણીતી ચિલ્ડ્રન હોસ્પિટલોના નિષ્ણાત ડોક્ટરો કોઈ પણ ફી લીધા વિના માત્ર સેવા ભાવનાથી અમદાવાદ આવશે. તેઓ અહીના ડોક્ટરોને તાલીમ આપશે અને બાળકોની જટિલ સર્જરી પણ કરશે.આ વર્કશોપ દરમિયાન ભારતના ૧૫ રાજ્યો અને પડોશી દેશ નેપાળમાંથી મળીને કુલ ૧૨૫ દર્દીઓને સારવારનો લાભ મળશે. જેમાંથી ૧૫થી ૨૦ ગંભીર કેસોમાં જટિલ ઓપરેશન કરવામાં આવશે. દરરોજ ૮થી ૧૦ કલાક સુધી સર્જરી કરવામાં આવશે, જેથી બાળકોને સામાન્ય જીવન મળી શકે.સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, છેલ્લા ૧૮ વર્ષથી સિવિલ હોસ્પિટલ આ પ્રકારના આંતરરાષ્ટ્રીય વર્કશોપ યોજી રહી છે. અમારો ઉદ્દેશ માત્ર દર્દીઓને સારવાર આપવાનો નથી, પરંતુ દેશ-વિદેશના ડોક્ટરોને શ્રેષ્ઠ તાલીમ આપવાનો પણ છે. વર્ષ ૨૦૨૦માં આ વિભાગને બ્લેડર એક્સટ્રોફીની સારવાર માટે 'સેન્ટર ઓફ એક્સેલન્સ'ની માન્યતા મળી છે. આ વર્કશોપમાંઅમેરિકા, કેનેડા, બ્રાઝિલ, પોલેન્ડ, કુવૈત, કતાર, કોરિયા, સ્પેન, ઈરાન, સ્વિટ્ઝર્લેન્ડસહિત ૧૪દેશોના ડોક્ટરો તાલીમ લેવા આવશે.

# કેજરીવાલ 3 દિવસ ગુજરાત પ્રવાસે, ૭ ઝોનના બૂથ કાર્યકર્તાઓનું સંમેલન

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ૧૭ જાન્યુઆરીની રાત્રે અમદાવાદમાં એરપોર્ટ પર ઉતરતા આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓએ સ્વાગત કર્યું હતું. આમ આદમી પાર્ટી દ્વારા ૭ ઝોનમાં બુથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે, જેને લઈને અરવિંદ કેજરીવાલ ગુજરાત પ્રવાસે આવ્યા છે. અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા જ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ૩૦ વર્ષમાં ભાજપે ગુજરાતને ખાડામાં ધકેલી દીધું છે. ગુજરાતમાં ભાજપનું શાસન નહીં, પરંતુ ભયનું શાસન ચાલે છે.



આમ આદમી પાર્ટી દ્વારા ૭ ઝોનમાં કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાજરી આપવા માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ પણ ગુજરાત આવ્યા છે. આજે અમદાવાદના નિકોલમાં આવેલા ઉદય ગ્રીન પાર્ટી પ્લોટમાં મધ્ય ઝોન બુથ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અરવિંદ કેજરીવાલ, પ્રદેશ પ્રભારી ગોપાલ રાય સહિતના નેતાઓ હાજરી આપવાના છે. તો ૧૯ જાન્યુઆરીએ વડોદરામાં પૂર્વ ઝોન કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપશે. ભાજપની જેમ આમ આદમી પાર્ટી પણ હવે બુથ લેવલ પર કાર્યકર્તાઓને મજબૂત કરવાના પ્રયાસ કરશે. આ તમામ સંમેલનમાં અરવિંદ કેજરીવાલ સંબોધન પણ કરવાના છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, ૩૦ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતને સંપૂર્ણ રીતે ખાડામાં ધકેલી દીધું છે. ચારેય તરફ ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. લોકોમાં ડર છે, ધમકાવવામાં આવે છે. જે કોઈ તેમના વિરોધમાં અથવા અન્યાય સામે અવાજ ઉઠાવે છે, તેને પકડીને જેલમાં નાખી દેવામાં આવે છે. ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થાય છે અને તેમના ભ્રષ્ટાચાર સામે કોઈ અવાજ ઉઠાવી શકતું નથી. લોકો ખૂબ મોટી આશા સાથે આમ આદમી પાર્ટી તરફ જોઈ રહ્યા છે. તમે જોઈ શકો છો કે છેલ્લા ૬-૭ મહિનાથી સમગ્ર ગુજરાતમાં, ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી, દરેક જગ્યાએ આમ આદમી પાર્ટીની રેલીઓ અને સભાઓ યોજાઈ રહી છે અને તેમાં જનતાની ભારે ભીડ ઉમટી રહી છે.વધુમાં અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, અમારી પાસે તો પૈસા પણ નથી, અમે તો ફક્કડ પાર્ટી છીએ, છતાં લોકો પોતાના ખર્ચે, પોતાના પૈસાથી આમ આદમી પાર્ટીની સભાઓમાં આવી રહ્યા છે.

# રબારી સમાજમાં સામાજિક રીત-રીવાજમાં સુધારો લાવી શિક્ષણ તરફ આગળ વધવા હાકલ





**કુરીવાજો ને નેસ્ત નાબુદ કરાશેઃ ધારાસભ્ય**

**રબારી સમાજ માં દિવસે દિવસે કુરીવાજો માં વધારો થઈ રહ્યો છે ત્યારે રબારી સમાજ ને કુરીવાજમાં થી બહાર લાવી ખોટા ખર્ચા થતાં સમાજમાં થી કુરીવાજો ને તિલાંજલી આપી કુરીવાજો ને નેસ્ત નાબુદ કરવામાં આવશે તેમ ધારાસભ્ય માવજી દેસાઈ એ જણાવ્યું હતું.**

રબારી સમાજ સામાજિક બંધારણ મહાસંમેલન અંતર્ગત રબારી સમાજના ૩૦ થી વધુ ગામના આગેવાનો અને યુવાનોની બેઠક શનિવારે ડીસા તાલુકાના આસેડા ગામે મળી હતી. જેમાં વર્ષો જુના કુરીવાજો ને નાબુદ કરી નવા બંધારણ થકી સમાજ ને સંગઠિત અને શિક્ષણ તરફ વાળવા માટે નેમ વ્યક્ત કરવામાં આવી હતી.રબારી સમાજના બન્ને મોભી આગેવાન, ભામાશા ધાનેરા ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી ડૉ. સંજય દેસાઈ, સંસ્થા ના પ્રમુખ રેવાભાઈ દેસાઈ, ડી.કે.દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ સહિત ના આગેવાનો ની ઉપસ્થિત માં સામાજિક બંધારણ અંગે બેઠક યોજાઈ હતી. જેમાં રબારી સમાજ માં સામાજિક પ્રસંગો માં થતાં ખોટા ખર્ચાઓ ઉપર કાપ મુકીને સમાજ સુધારણા તેમજ સમાજ ના દિકરા - દિકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધે તે માટેના પ્રયાસો હાથ ધરવા અપિલ કરવામાં આવી હતી.




આજ રોજ અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા ના છેવાડા ના વિસ્તાર ખાતે ગોઢ ગામ ગુજરાત રાજ્ય નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી -હૉલોલ- સંચાલિત પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્ર... વાસજીપુરા.... દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ તાલીમ આપવામાં આવી જેમાં મારી સાથે ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ.. અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી નિશાંત ભાઈ ચૌધરી - એગ્રી આસિસ્ટન્ટ ચન્દ્રકાન્ત ભાઈ પટેલ કૃષિ સખી.. મેવડા ક્લસ્ટર લક્ષ્મીબેન.. પરસોડા ક્લસ્ટર... ભાવનાબેન અને અરવલ્લી જીલ્લા સ્ટાર પ્રચારક ભાવેશભાઈ કે પટેલ દ્વારા પ્રાકૃતિક કૃષિ થી થતા લાભ અને પ્રાકૃતિક કૃષિ ના આયમો વિશે અને ડેમો સ્ટેશન સાથે આજની આ પ્રાકૃતિક કૃષિ પાઠશાળા યોજાઈ હતી અને ગોઢ ગામના નાના બાળકો એ પણ હર્ષોલાસ સાથે આ પ્રાકૃતિક કૃષિ પાઠશાળા ભાગ લીધો હતો... ખુબ ખુબ આભાર સમગ્ર ગ્રામજનો મોટી સઁખ્યા માઁ હાજરી આપી.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ લોકભવન ખાતે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસના અવસર પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ સવારના સમયે લોકભવન પધારીને રાજયપાલશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.આ અવસર પર લોકભવન પરિવાર દ્વારા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સન્માનમાં શુભેચ્છા સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજયપાલશ્રીના અગ્ર





સચિવ શ્રી અશોક શર્મા સહિત લોકભવનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ રાજ્યપાલશ્રી પ્રત્યે આદરભાવ વ્યકત કરીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ વહેલી સવારે લોકભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કરીને રાજ્ય સહિત દેશની પ્રગતિ થાય તથા તમામ લોકો સુખ સમૃદ્ધિ મેળવે તેવી યાચના કરી હતી.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસકાંઠાના ભૂખલા ખાતે બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું કર્યું લોકાર્પણ





**ગોબર આધારિત સ્વચ્છ ઊર્જાને નવી દિશા આપતો બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ શરૂ કરાયો**

----

**પ્રાકૃતિક ખેતી જ ધરતી, ખેડૂત અને આવનાર પેઢીના સ્વસ્થ ભવિષ્યની સાચી દિશા છેઃ- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી**

----

**ગોબર આધારિત બાયો-સીએનજી પ્લાન્ટ પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થશેઃ- રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી**

----

**બનાસની ધરતી પરથી શ્વેત ક્રાંતિની શરૂઆત થઈ હતી આજે એજ ધરતી પરથી ગોબર ક્રાંતિ થઈ રહી છેઃ- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસકાંઠાના વિકાસમાં એક નવો અને મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાતાં વડગામ તાલુકાના ભૂખલા ખાતે બનાસ ડેરી દ્વારા સ્થપાયેલ બનાસ બાયો-સીએનજી- બનાસ મોડેલ પ્લાન્ટનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તકતી અનાવરણ કરીને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લઈને વેસ્ટેજ બટાકાના ઉપયોગ, કુદરતી ખાતર બનાવવાની પ્રક્રિયા તેમજ ગેસ શુધ્ધિકરણ યુનિટ સહિત સમગ્ર પ્લાન્ટની કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જ ધરતી, ખેડૂત અને આવનાર પેઢીના સ્વસ્થ ભવિષ્યની સાચી દિશા છે. આજે દરેક ગામમાં ગોબરના ઢગલા જોવા મળે છે, જે પર્યાવરણ માટે હાનિકારક છે. ગોબરમાંથી ઉત્પન્ન થતો મિથેન ગેસ કાર્બન ડાયોક્સાઇડ કરતાં ૨૫ થી ૩૦ ગણો વધુ નુકસાનકારક હોવાનું વૈજ્ઞાનિક અહેવાલોમાં દર્શાવવામાં આવ્યું છે. આવા સંજોગોમાં ગોબર આધારિત બાયો-સીએનજી પ્લાન્ટ પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો કરશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ૈંદ્બના અહેવાલો અનુસાર રાસાયણિક ખેતીના કારણે ઉત્પાદનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. યુરિયા અને ડી.એ.પી ખાતરના ઉપયોગથી નાઈટ્રસ ઓક્સાઇડ ઉત્પન્ન થાય છે, જે કાર્બન ડાયોક્સાઇડ કરતાં ૨૭૩ થી ૩૦૦ ગણું વધુ હાનિકારક છે. આ કારણે અતિવૃષ્ટિ, દુષ્કાળ અને કુદરતી આફતોમાં વધારો થઈ રહ્યો છે. રાસાયણિક ખાતરોના અતિશય ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૦.૫ ટકા કરતાં નીચે ઉતરી ગયું છે, જે માનવ આરોગ્ય માટે પણ જોખમી છે. આ સ્થિતિમાંથી બહાર આવવા માટે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવી અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠાની ધરતી પરથી દેશની શ્વેત ક્રાંતિની શરૂઆત થઈ હતી અને આજે એ જ ધરતી પરથી ગોબર આધારિત નવી ક્રાંતિની શરૂઆત થઈ રહી છે. આ બાયો-સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ બનાસકાંઠા માટે ગૌરવની બાબત છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત પાસેથી ગોબર રૂ. ૧ પ્રતિ કિલોના દરે ખરીદવામાં આવશે અને ગોબર એકત્ર કરવા તથા પરિવહનનો તમામ ખર્ચ બનાસ ડેરી દ્વારા ઉઠાવવામાં આવશે, જેના કારણે ખેડૂતોને દૂધ ઉપરાંત ગોબરથી પણ વધારાની આવક મળશે.

આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ બાયો-સીએનજી પ્લાન્ટ થકી ગ્રામ્ય અર્થતંત્રને નવી ગતિ મળશે, ખેડૂતોની આવકમાં વધારો થશે અને સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રે નવી તકોનું સર્જન થશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં બનાસકાંઠાથી શરૂ થયેલ આ વિકાસ મોડેલ સમગ્ર ગુજરાતમાં વિસ્તૃત કરવાનો સરકારનો દૃઢ સંકલ્પ હોવાનું તેમણે જણાવ્યું હતું.રાજ્યપાલશ્રીએ ખેડૂતોની વચ્ચે પોતાના જન્મદિવસની ઉજવણી કરીરાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે પોતાના જન્મ દિવસની ઉજવણી ખેડૂતોની સાથે કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ કર્યા હતા અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવા આહવાન કર્યું હતું. બનાસ બાયો-સીએનજી બનાસ મોડેલ

સુઝુકી ઈન્ડિયા અને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠાના વડગામ સ્થિત ભૂખલા ખાતે બાયો-સીએનજી કાર્યરત કરાયો છે. આ બાયોગેસ પ્લાન્ટ દરરોજ અંદાજે ૧ લાખ કિલો ગાયના છાણનું પ્રોસેસિંગ કરે છે અને દરરોજ ૧૯૦૦ કિલો બાયો-સીએનજીનું ઉત્પાદન કરે છે. ઓનસાઈટ સીએનજી પંપ દ્વારા બાયો-સીએનજી બજાર ભાવ કરતાં રૂ. ૨ ઓછા દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી સ્લરીમાંથી ''ભૂમિ અમૃત'' નામના પ્રમાણિત ઘન તથા પ્રવાહી કાર્બનિક ખાતરો તૈયાર કરવામાં આવે છે, જે જમીનના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડે છે. આ પ્રોજેક્ટ દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે, ગૌ આધારિત અર્થતંત્રને બળ મળે છે. બનાસકાંઠાના સ્થાયી વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને ખેડૂતોના સર્વાંગી કલ્યાણ માટે આ પ્લાન્ટ ખરા અર્થમાં ''બનાસ મોડેલ'' તરીકે ઓળખાશે.આ પ્રસંગે પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, રાધનપુર ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર સહિત વિવિધ પદાધિકારીઓ, મહાનુભાવો, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરામાં ઉતરાયણ બાદ દોરી સંગ્રહ અભિયાન, પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સહિત ૫૦ કિલો દોરી સળગાવી

ધાનેરા ખાતે ઉતરાયણના તહેવાર બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર તથા વીજ થાંભલાઓ ઉપર મોટી માત્રામાં દોરી પડેલી જોવા મળી હતી. તહેવાર પૂર્ણ થયા બાદ પણ આ દોરી માનવજીવન, પશુઓ તેમજ પક્ષીઓ માટે ગંભીર જોખમરૂપ બની રહેતી હોવાથી ભારત વિકાસ પરિષદ દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પરિષદના સભ્યો દ્વારા શહેરમાં રસ્તા તથા થાંભલાઓ પરથી પડેલી દોરી એકત્રિત કરવા માટે જાહેરાત કરતા લોકોએ આ દોરી વિણીને લાવી હતી અને જેના બદલામાં પરીષદ દ્વારા રકમ ચુકવવામાં આવી હતી. આ દોરીની ખરીદી કરીને એક સ્થળે એકત્ર કરવામાં આવી હતી, જેમાં કુલ અંદાજે ૫૦ કિલો દોરી એકઠી થઈ હતી. તપાસ દરમિયાન આ દોરીમાં ખાસ કરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી પણ જોવા મળી હતી, જે અનેક અકસ્માતો તથા પક્ષીઓના મૃત્યુ માટે જવાબદાર બને છે. એકત્રિત કરાયેલી સમગ્ર દોરીને ભારત વિકાસ પરિષદના સભ્યોની હાજરીમાં ઢગલો કરીને સળગાવી નાશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પરિષદે નાગરિકોને અપીલ કરી હતી કે ઉતરાયણ દરમિયાન તેમજ ત્યારબાદ પણ પ્રતિબંધિત દોરીનો ઉપયોગ ન કરવો અને પડેલી દોરી દૂર કરવામાં સહકાર આપવો જોઈએ.



Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat